## સંક્ષિપ્ત સમાચાર

### આણંદ પાલિકાના ચેરમેન સહિતના અગ્રણીઓએ વોર્ડ નં.3 ના હોલ નં.2 માં કામગીરીનું નિરીક્ષણ કર્યું



**આણંદ :** ચેરમેન મહેન્દ્રભાઈ, વોર્ડ નં.3ના કાઉન્સિલર કરિશ્માબેન વહોરા, આણંદ જિલ્લા ભાજપ લઘુમતિ મોરચા કાર્યાલય મંત્રી ફારૂક ખેડાવાલા,અમરશહિદ વહોરા (ચીના કાકા), નિરવભાઈ પટેલે શહેરના વોર્ડ નં.3 માં આવેલ હોલ નં.2 ની મુલાકાત લીધી હતી. તા. 13/04/2023 ના રોજ યુ.સી.ડી. ચેરમેન અને વોર્ડ નં.3 ના ભાજપ કાઉન્સિલર કરિશ્માબેન ફિરોજભાઈ વહોરાની રજુઆત કરતા આણંદ નગરપાલિકા પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ, પબ્લીક વર્કસ કમિટીના ચેરમેન મહેન્દ્રભાઈની સૂચનાને ધ્યાનમાં લઈ નગરપાલિકા સંચાલિત હોલ નં.2 માં રિનોવેશનની કામગીરી તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવી હતી. જેના ગ્રાઉન્ડ ફ્લોર, મેઈન હોલમાં પીઓપી, ફર્સ્ટ ફ્લોર ભોયતળીયામાં નવી ટાઇલ્સ, બાથરૂમ તથા ટોઇલેટનું નવિનીકરણ, રસોડા નવીન વાયરીંગ કામ, હોલની લાઈટ જેવા મહત્વના કામ હાલ કરવામાં આવી રહ્યા છે.

### આંકલાવ તાલુકાના ઉમેટાની પે સેન્ટર શાળામાં વિજ્ઞાન મેળાનું આયોજન



**આણંદ :** આંકલાવ તાલુકાના ઉમેટા ગામની પે સેન્ટર શાળા ઉમેટામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિજ્ઞાન મેળાનું આયોજન થયું હતું. જેમાં પે સેન્ટર શાળામાં સમાવિષ્ટ પેટા શાળાઓએ વિજ્ઞાન સંદર્ભમાં પુસ્તક પરિચય, રંગોળી, ચિત્ર, રમકડાં, પ્રોજેક્ટ, પ્રયોગ અને ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તમામ સ્પર્ધા માટે નિર્ણાયક તરીકે નવાખલ પ્રાથમિક શાળના આચાર્યશ્રી કૃણાલ ભાઇ પટેલ તથા બામણગામ કન્યાશાળાના આચાર્યશ્રી ડો એકતા બેન ઠાકર હાજર રહ્યાં હતાં.કાર્યક્રમને અંતે વિજેતા બાળકોને મેડલ અને ઇનામ આપવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ વ્યવસ્થાપન પે સેન્ટર શાળાના આચાર્ય કિર્તિનબેન પટેલે કર્યું હતું.

### સંદેસર ગામે સ્પેક એન્જિનિરીંગ દ્વારા એનએસએસ કેમ્પનો પ્રારંભ કરાયો



**આણંદ :** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિરીંગના એન. એસ. એસ. ના નેજા હેઠળ સંદેસર ગામે એન. એસ. એસ. વાર્ષિક કેમ્પનો પ્રારંભ કરાયો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સરપંચ નીતિનભાઈ પટેલ, હિતુલભાઈ પટેલ, કાજલબેન પટેલ, ડો. ઋત્વિજ જોશી, ડો. પ્રભાત કાસરા તેમજ સ્પેક એન્જીનીઅરીંગના સ્ટાફગણ હાજર રહ્યા હતા. આ વાર્ષિક કેમ્પમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવશે જેમાં ગામ દર્શન, ડોર ટુ ડોર ઇન્ટરકેશન, મહિલાઓનો સર્વે, સ્વચ્છતા અભિયાન, શેરી નાટક, યોગા, મેડિકલ કેમ્પ, વ્યસન મુક્તિની રેલી, પાણીના કુંડાઓનું વિતરણ, શાળાના બાળકો માટે એજ્યુકેશન કિટ તેમજ અન્ય સામાજિક પ્રવૃત્તિનો સમાવેશ કરવામાં આવશે.

### વીરપુરની ઝમઝર નર્સરી ખાતે પાંચ વન વ્યવસ્થા મંડળીઓને કીટ વિતરણ કરાઇ




**વીરપુર :** વીરપુર ખાતે કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ખાતર કીટ સહિતની વિતરણ કરવામાં આવ્યું હતું. તાલુકાના ઝમઝર નર્સરી ખાતે પાંચ જેટલી વન વ્યવસ્થા મંડળીઓના સભ્યોને કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં વન વિભાગની બાલાસિનોર રેંજ હેઠળની સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ જેવીકે નાસરોલી ,વઘાસ, કોયડમ, ચીખલીજોજા, ધાટડા RFO પી.જે.ચૌધરી તેમજ વન વિભાગ કર્મચારીઓના હસ્તે કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં પાંચ જેટલી વન વ્યવસ્થા મંડળીઓને વોટર મશીન, એગ્રિકલ્ચર સીડ ,ખાતર, તાડપત્રિ ,સહિત દવા છાંટવાના ઈલેક્ટ્રીક પમ્પ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

---

સંતરામપુર બાયપાસ રોડ પર બસે બાઈક ચાલક સહિત એક્ટિવાને તૂફાન જીપને અડફેટે લેતાં ગમખ્વાર ટ્રીપલ અકસ્માત સર્જાયો

# સંતરામપુરમાં બસ ટક્કરે દંપતીનું મોત

**સંતરામપુરમાં** એસટી બસ અને બાઇક તેમજ એક્ટિવા સહીત તુફાન કાર સાથે અકસ્માત

(પ્રતિનિધિ) સંતરામપુર તા 18

સંતરામપુર બાયપાસ રોડ પર ગમખ્વાર અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં ઘટનાસ્થળે જ બાઈક સવાર પતિ-પત્ની બન્નેનાં મોત નિપજ્યા હતા. એસટી બસે બાઈક ચાલક સહિત એક્ટિવાને તૂફાન જીપને અડફેટે લેતાં બાઈક પર સવાર પતિ પત્ની અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયાં હતા જેથી સારવાર મળે તે પહેલા જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ સંતરામપુરમાં રહેતા મોહનભાઈ પુજાભાઈ પ્રજાપતિ તથા સવિતાબેન પ્રજાપતિના ઘટના સ્થળે જ મોત થયા હતા.

અકસ્માતમાં સંતરામપુર તાલુકાના સગવડિયા ટીમલા ગામનાં રહેવાસી અન્ય બે લોકોને ઈજાઓ થતાં ઈજાગ્રસ્ત બાબુભાઈ ડામોર અને તેમની નાની દીકરી હારવીબેન ડામોરને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સ્થાનિક લોકો દ્વારા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

સમગ્ર ઘટનાની જાણ જિલ્લા પોલીસ વડા તથા સંતરામપુર પોલીસ ને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. બનાવ વિશે વધુ તપાસ હાથ ધરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



સંતરામપુર પોલીસની પ્રાથમિક તપાસમાં એસટી બસનો ચાલક પુરઝડપે બસ હંકારી આવી ઓવરટેક કરવા જતાં પોતાનો વાહન પર કાબુ ગુમાવતા નેશનલ મોટર્સની સામે રોડ પર એક ડ્યુએટ ચાલક તથા એક એફઝેડ બાઈકને હડફેટે ચડાવી બન્ને વાહનોને સાથે ઢસડી રોડની સાઈડમાં જમણી બાજુ પાર્ક કરેલી તુફાન ગાડીને અથડાવી હતી.







# ડાકોરના નવા ઓવર બ્રિજ પર સાઈનબાર્ડ મૂકવા માંગણી

**નવર્નિમિત** ફ્લાયઓવર બ્રિજ ઉપર બનાવેવ સર્કલ પાસે ત્રિપાંખિયા માર્ગથી ભુલભુલામણી જેવી સ્થિતિ

(પ્રતિનિધિ) ડાકોર, તા.18

ડાકોરમાં તાજેતરમાં જ લોકાર્પણ કરવામાં આવેલા ઓવર બ્રિજની ઉપરના માર્ગ ઉપર સાઈનબાર્ડ ન મુક્તા વાહન ચાલકોને માટે પારાવાર હાલાકી વેઠવી પડે છે. વાહનચાલકોને કપડવંજ જવું હોય તો ઠાસરા તરફ પહોંચી જાય છે. જો આણંદ તરફ જવું હોય તો કપડવંજના માર્ગ તરફ પહોંચી જાય છે . જેથી બ્રિજ ઉપર આવેલ સર્કલ ઉપર સાઈન બાર્ડ મુકવાની માંગ ઉઠી છે



ત્રિપાંખિયા ઓવર બ્રિજ ઉપરના સર્કલ ઉપર અવરજવર કરવા માટે સાઈન બોર્ડ જ નથી. વાહન ચાલકો ગોળ ગોળ ફરી રહ્યા છે. અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. ત્રણેય બાજુથી તંત્રએ સત્વરે સાઈન બોર્ડ મૂકવા જોઈએ તેવી વાહન ચાલકોની માંગ વ્યક્ત કરી છે. હોળીની પૂનમ આવતી હોય તો ખૂબ મોટી સંખ્યામાં ટ્રાફિક જોવા મળશે. જેથી વહેલી તકે સાઈન બોર્ડ મૂકવા જોઈએ તેવી લાગણી પ્રસરી છે.

આ બાબતે ઠાસરાના વકીલ પ્રશાંતભાઈ જણાવ્યા મુજબ ફલાય ઓવરબ્રિજ ઉપરના સર્કલ ઉપર ત્રણ રસ્તા હોવાથી વાહન હાકનાર ને ખુબજ તકલીફ પડે છે. જો આ બ્રિજ ઉપરના સર્કલ ઉપર સાઈન બાર્ડ મુકવામાં આવે તો વાહનચાલકો સરળતાથી પોતાના માર્ગ ઉપર પહોચી શકશે. આ ઉપરાંત ડાકોર દર્શને આવતા યાત્રાળુઓને પણ અનુકુળ રહેશે.

# પેટલાદમાં ટ્રેક્ટર ચાલકે શ્વાનને કચડતાં મારામારી

**પેટલાદ ગ્રામ્ય** પોલીસે બન્ને પક્ષે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.18

પેટલાદના ખડાણા ગામમાં પુરપાટ ઝડપે જતાં ટ્રેક્ટરના ચાલકે શ્વાનને કચડી નાંખ્યો હતો. જેથી તેના માલિકે ટ્રેક્ટર ચાલક સાથે ઝઘડો કર્યો હતો.

પેટલાદના ખડાણા ગામના કિશનપુરા સીમમાં રહેતા વિજયભાઈ પરમારનો પુત્ર વિશાલ ટ્રેક્ટર ચલાવવાની નોકરી કરી છે. વિશાલને 17મી માર્ચના રોજ બપોરના ભરત ચીમન પટેલ તથા તેના પુત્ર જય ભરત પટેલે ટ્રેક્ટર રોકી મારમાર્યો હતો. આથી, લીલાબહેન અને વિજયભાઈ ચોંકી ગયાં હતાં. તેઓએ હોસ્પિટલ પહોંચી વિશાલની પુછપરછ કરતાં જણાવ્યું હતું કે, કામ પતાવી ટ્રેક્ટર લઈને પરત આવી રહ્યો હતો તે સમયે ગામના ભરત ચીમન પટેલના તબેલા સામે એક કુતરું આડું આવી જતાં ટ્રેક્ટર નીચે કચડાઇ ગયું હતું. આથી, ભરત તેમના તબેલામાંથી બહાર નિકળી ઝઘડો કર્યો હતો. જેનું ઉપરાણુ લઈ જય પટેલ હાથમાં લાકડી લઈ ધસી આવ્યો હતો અને પિતા - પુત્રએ મારમાર્યો હતો. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે ભરત ચીમન પટેલ અને જય ભરત પટેલ સામે ગુનો નોંધ્યો હતો.

સામાપક્ષે ભરત ચીમનભાઇ પટેલે પણ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વિશાલ વિજય પરમારે પોતાનું ટ્રેક્ટર પુરઝડપે હંકારી પાળેલા કુતરાને કચડી નાંખી મોત નિપજાવ્યું હતું. આ અંગે પોલીસે વિશાલ પરમાર સામે પણ ગુનો નોંધ્યો હતો.

# ડાકોરમાં મૃતકની બે વખત મરણ નોંધ થતાં તર્ક - વિતર્ક

**ડાકોરમાં** જન્મ મરણ રજીસ્ટ્રાર દ્વારા દલાપુરાના મહિલાના અલગ અલગ તારીખે મરણ નોંધાયા

(પ્રતિનિધિ) ડાકોર, તા.18

ડાકોરમાં પાલિકાના જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર દ્વારા એક જ વ્યક્તિના બે વખત મરણ થયા બાબતે નોંધણી થતાં આશ્ચર્ય સાથે ગંભીર બેદરકારી ઉપરાંત કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાની ચર્ચાએ જોર પકડયું છે.

ડાકોર નગરપાલિકા દ્વારા પરમાર કાશીબેન ચડાભાઈનું મરણ પ્રમાણપત્ર જુદી જુદી બે મરણ તારીખની નોંધવાળુ આપવામાં આવ્યું છે. આ પ્રમાણપત્રો મુજબ મૃત્યુ પામેલ વ્યક્તિ એક નામ, એક જ વ્યક્તિ પણ મરણનાં પ્રમાણપત્ર બે આપવામા આવ્યા છે. બંને મરણના પ્રમાણપત્રમાં મરણની તારીખ અને નોંધણી નંબર તેમજ નોંધણી તારીખ અલગ અલગ છે. ડાકોર નગરપાલિકાના જન્મ-મરણ નોંધણી કચેરીમાંથી પરમાર કાશીબેન ચડાભાઈ રહે. દલાપુરા, મુ.ડાકોરનું મરણ તા.02/04/2017 રોજ થયું હતું. જેની નોધણીની તા.07/04/ 2017રોજ ડાકોર નગરપાલિકા ખાતે કરાવવામાં આવી હતી. બાદ ફરી વખત પરમાર કાશીબેન ચડાભાઈ રહે.દલાપુરા મુ.ડાકોરનું તા.10/12/2018 રોજ મરણ થયું હોવાની નોધણી તા.26/12/ 2018 રોજ ડાકોર નગરપાલિકા ખાતે કરાવવામાં આવી હતી. આમ જન્મ અને મરણના દાખલા અંગે તપાસનો વિષય બન્યો છે.

**મૃતકના વારસદારની તપાસની માંગ**

મૃતક કાશીબેનના પુત્ર વિજયભાઈ પરમારે જણાવ્યું હતું કે, ડાકોર નગરપાલિકા જન્મ - મરણ નોંધણી અધિકારી દ્વારા બે અલગ અલગ મરણ તારીખના દાખલા કાઢી આપીને અમારી જમીનમાં વારસાઇ સહિતની વિવિધ દસ્તાવેજો સાથે ચેડાં કરવામાં આવ્યા હોવાની શક્યતા છે. જેથી અમોએ ઠાસરા ખાતે પ્રાંત અધિકારી એસડીએમ કચેરી ખાતે વાધા અરજી આપેલ છે. તેમજ તપાસની રજુઆત કરી છે. જોકે આ બાબતે ડાકોર નગરપાલિકા ના ચીફ ઓફિસર વાય જે ગણાત્રા ને ટેલિફોનીક સંપર્ક કરાતાં તેવોએ ફોન રિસિવ કરેલ નથી.


### સોજિત્રા નગરના બસ સ્ટેન્ડમાંથી બાઈક ચોરાયું

(પ્રતિનિધિ) સોજિત્રા તા.18

સોજિત્રાના નવા બસ સ્ટેન્ડ નજીક પાર્ક કરેલું બાઇક અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાં હતાં. આ અંગે સોજિત્રા પોલીસે ગુનો નોંધ્યો હતો.

સોજિત્રાના વ્હોરવાડમાં રહેતા યાકુબ અહેમદભાઈ વોરા ડ્રાઈવીંગનો વ્યવસાય કરે છે. તેઓ તેમના સાઢુ અસ્ફાક વ્હોરાનું બાઇકનો ઉપયોગ કરતાં હતાં. દરમિયાનમાં 11મી માર્ચના રોજ સોજિત્રાથી અમદાવાદ જવાનું હોવાથી પત્ની સાથે બાઇક પર બસ સ્ટેન્ડ આવ્યાં હતાં. જ્યાં બાઇક પાર્ક કરી અમદાવાદ એસટી બસમાં ગયાં હતાં. મોડ સાંજે પરત આવતાં બાઇક જોવા મળ્યું નહતું. આ અંગે તપાસ કરતા અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સોજિત્રા પોલીસે ગુનો નોંધ્યો હતો.

### નડિયાદ સ્થિત શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરમાં ડ્રાયફ્રૂટના શણગાર



નડિયાદ શહેરના નવા બસ સ્ટેન્ડ પાસે આવેલા શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરમાં દાદાને અનોખા 51 કીલો ડ્રાયફ્રૂટના શણગાર કરવામાં આવ્યા તથા દાદાને ભોગ લગાવવામાં આવ્યો હતો. જેમાં કાજુ આખા, કાજુ ફાડા, બદામ, અંજીર,અખરોટ તથા અખરોટનો ફોલ,આલુ, સીંગદાણા, કાળી દ્રાક્ષ, લાંબી દ્રાક્ષ, ચમેલી દ્રાક્ષ, ખારેક, પિસ્તા, કોપરા કાચલી, કોપરા ગોટાનો ઉપયોગ કરવામાં આવ્યો. આ પ્રસંગે હવન કરવામાં આવ્યો હતો.

# ઉમેદવારે 10હજારથીવધુની રકમ ચેકથી ચૂકવવી પડશે

**ભાવો** અંગે રાજકીય પક્ષોની રજુઆત સાંભળવામાં આવી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.18

મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી નેહા કુમારીના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથે ચૂંટણી ખર્ચ તેમજ આચારસંહિતાના અમલીકરણ માર્ગદર્શન હેતુ બેઠક યોજાઈ હતી. જેમાં ચૂંટણી ખર્ચ અંગેના ભાવો નક્કી કરવા તથા આચારસંહિતા અમલીકરણ માર્ગદર્શન આપ્યું હતું.

મહીસાગર ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં બેઠકમાં મતદાન મથકોની સંખ્યા, કાયદો અને વ્યવસ્થા, ઈવીએમ, હેલ્પલાઈનની વિગતો આપીને આદર્શ આચારસંહિતાના પાલન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સભા, સરઘસ, બેનરો, હોર્ડીંગ્સ, રેલીઓની મંજૂરીઓ અંગેની માહિતી આપી હતી. લોકશબાના ઉમેદવારે અલગથી બેંક એકાઉન્ટ ખોલવવું પડશે. રૂા.10 હજારથી વધુની રકમ ચેકથી ભરવી જેવી વિગતો તેમણે આપી હતી. આ ઉપરાંત ખર્ચના ભાવો નક્કી કરવા અંગે રાજકીય પક્ષોની કોઈ રજૂઆત હોય તો તેને ધ્યાને લઈ દરોમાં ફેરફારો કરવા અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર સી.વી. લટા, જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સીના નિયામક સી.એન. ભાભોર, નાયબ જિલ્લા ચુંટણી અધિકારી વિગેરે હાજર રહ્યાં હતાં.

### વસોમાં જુગાર રમતાં 7 ઝબ્બે

(પ્રતિનિધિ) વસો તા.18

વસોના કબ્રસ્તાન પાસે જાહેરમાં જુગાર રમી રહેલા સાત શખ્સને પોલીસે રંગેહાથ પકડી લીધા હતાં.

ખેડા એલસીબીને બાતમી મળી હતી કે, વસોના જુના કબ્રસ્તાન પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સ જાહેરમાં જુગાર રમી રહ્યાં છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 17મીના રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં નાસભાગ મચી હતી. જોકે, પોલીસે કોર્ડન કરી સાત શખ્સને પકડી પાડ્યાં હતાં. આ શખ્સોની પુછપરછ કરતાં તે વસીમ મુનાવર મિર્ઝા, માહીર હીદાયત મીર્ઝા, મહેશ ડાહ્યા પરમાર, ઉદા ગેમા ચુનારા, સોમા ગોતા પરમાર, સૈફ ઐયુબ પઠાણ, બિનલ શશીકાંત પટેલ હોવાનું જણાવ્યું હતું. આ તમામ શખ્સો પાસેથી પોલીસે રોકડ સહિત કુલ રૂ.16,500નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# વડતાલધામદ્વિશતાબ્દીમહોત્સવ નિમિત્તે 18 હજાર યુનિટ રક્તદાન

**સ્વામિનારાયણ** સંપ્રદાય દ્વારા 7 દેશ, 115 ઉપરાંત સ્થળોએ મહા રકતદાન કેમ્પ

(પ્રતિનિધિ) વડતાલ, તા.18

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી ભારત સહિત સાત દેશોમાં, 115 ઉપરાંત સ્થળોએ એક જ સમયે આંતરરાષ્ટ્રીય મહા રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

સ્વામિનારાયણ વડતાલ ગાદી (એસવીજી)ના નેજા હેઠળ માનવ સેવાના કાર્યને સફળ બનાવવા આયોજન હાથ ધર્યુ હતું. જેમાં કેમ્પ દરમ્યાન સમગ્ર સ્થળોએ મળીને અંદાજે 18 હજાર ઉપરાંત બોટલ રકત એકત્ર કરાયું હતું.



વડતાલમાં રઘુવીર વાડી ખાતે આચાર્ય અજેન્દ્રપ્રસાદ મહારાજ, બાબા રાજા ઉર્વશીકુંવરબા તથા ભાજપના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ દ્વારા મહા રકતદાન કેમ્પનું દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, 200 વર્ષ પૂર્વ સંવત 1881ના કારતક સુદ 12ના દિવસે ભગવાન સ્વામિનારાયણે પોતાના હસ્તે સંપ્રદાયના મુખ્ય કેન્દ્રસ્થાન એવા વડતાલધામમાં લક્ષ્મીનારાયણ દેવ, હરિકૃષ્ણ મહારાજ, રાધાકૃષ્ણ દેવ અને ધર્મદેવ, ભકિતમાતા સહિત વાસુદેવ નારાયણની સ્થાપના કરી હતી. જેના 200 વર્ષ થાય છે. તેની સાથે સાથે અજેન્દ્રપ્રસાદજી મહારાજના પ્રાગટયના 75 વર્ષ થાય છે. જેના ઉપલક્ષ્યમાં અમૃત મહોત્સવ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે.